Extra No. 11

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LXVII ] TUESDAY, JULY 14, 2026 / ASHADHA 23, 1948

Separate paging is given to this part in order that it may be filed as a Separate Compilation.

## PART IV

**Acts of Gujarat Legislature and Ordinances promulgated and Regulations made by the Governor.**

**REVENUE DEPARTMENT**

Sachivalaya, Gandhinagar, 14th July, 2026

**GUJARAT ORDINANCE NO. 2 OF 2026.**

***AN ORDINANCE***

*further to amend the Gujarat Prevention of Fragmentation and Consolidation of Holdings Act, 1947.*

WHEREAS the Legislative Assembly of the State of Gujarat is not in Session;;

AND WHEREAS the Governor of Gujarat is satisfied that circumstances exist which render it necessary for him to take immediate action to amend the Gujarat Prevention of Fragmentation and Consolidation of Holdings Act, 1947;

**Bom. LXII of 1947.**

AND WHEREAS instructions of the President under proviso to clause (1) of article 213 of the Constitution of India have been obtained;

NOW, THEREFORE, in exercise of the powers conferred on him by clause (1) of article 213 of the Constitution of India, the Governor of Gujarat is hereby pleased to make and promulgate the following Ordinance, namely: -

**1.** ***Short title and commencement.-*** (1) This Ordinance may be called the Gujarat Prevention of Fragmentation and Consolidation of Holdings (Amendment) Ordinance, 2026.

(2) It shall come into force at once.

**2.** ***Bom. LXII of 1947 to be temporarily amended.-*** During the period of operation of this Ordinance, the Gujarat Prevention of Fragmentation and Consolidation of Holdings Act, 1947 (hereinafter referred to as "the principal Act") shall have effect subject to the amendment specified in sections 3 and 4. **Bom. LXII of 1947.**

**3.** ***Amendment of Section 5 of Bom. LXII of 1947.-*** In the principal Act, in section 5, after sub-section (3), the following sub-section shall be added, namely: -

"(4) Notwithstanding anything contained in section 4 or foregoing sub-sections, the State Government may from time to time, by notification in the *Official Gazette,* declare a standard area for any class of land in any local area.".

4. ***Amendment of section 9 of Bom. LXII of 1947.-*** In the principal Act, in section 9, after sub-section (3), the following sub-section shall be added, namely: -

"(4) Notwithstanding anything contained in this Act, a transfer or partition of a land contrary to the provisions of this Act made on or after the 29th January, 1948 but on or before 31st March, 2026 shall be deemed to have been regularised without charging any penalties or premium therefor and all pending proceedings before any officer or authority in respect of the aforesaid transfer or partition shall abate.".

**STATEMENT**

The Gujarat Prevention of Fragmentation and Consolidation of Holdings Act, 1947 (Bom. LXII of 1947) (hereinafter referred to as "the Act") was enacted with the objective of preventing fragmentation of agricultural land holdings and providing for consolidation thereof, with a view to securing agricultural efficiency and ensuring orderly management of agricultural land.

The Act has been in force for more than seven decades. During this period, substantial changes have taken place in the socio-economic conditions of the State, patterns of land use and agricultural practices. In view of these developments, it has become necessary to review certain provisions of the Act to ensure that its objectives are achieved in a manner consistent with present-day requirements.

With expansion of urban and municipal areas, agricultural lands situated in such areas and their periphery have been included in residential, commercial, and industrial zones under development Plans, rendering such lands eligible and more suitable for non-agricultural use. Notwithstanding this, transfers and partitions of such lands, effected in contravention of the provisions of the Act, have led to creation of fragmented holdings. Due to statutory restrictions, or such transactions reflected in record of rights evidence are in violation of provision of the Act at relevant time, thereby preventing occupants from obtaining requisite permissions for commencement of non-agricultural use.

In order to resolve the said issue it is necessary to amend the sections 5 and 9 of the Act to meet current socio-economic and land use realities and to balance agricultural interests with developmental needs of the State.

As the Legislative Assembly of the State of Gujarat is not in session, the Gujarat Prevention of Fragmentation and Consolidation of Holdings (Amendment) Ordinance is promulgated to amend the Gujarat Prevention of Fragmentation and Consolidation of Holdings Act, 1947 to achieve the aforesaid objects.

Gandhinagar.
Dated the 10th July, 2026.

**ACHARYA DEVVRAT,**
Governor of Gujarat.

By order and in the name of the Governor of Gujarat,

**DR. JAYANTI S. RAVI,**
Additional Chief Secretary to Government.

----------

Government Central Press, Gandhinagar.

Extra No. 182

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LXVII ]  TUESDAY, JULY 14, 2026 / ASHADHA 23, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૪થી જુલાઇ, ૨૦૨૬

તારીખઃ ૧૪થી જુલાઇ, ૨૦૨૬ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૬ના ગુજરાત વટહુકમ ક્રમાંક: ૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

**પરિમલ જોષી,**

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

**મહેસૂલ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જુલાઇ, ૨૦૨૬

**GUJARAT ORDINANCE NO. 2 OF 2026.**

***AN ORDINANCE***

*further to amend the Gujarat Prevention of Fragmentation and Consolidation of Holdings Act, 1947.*

**સન ૨૦૨૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક. ૨.**

**ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ વધુ સુધારવા બાબત વટહુકમ.**

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ નથી;

અને ગુજરાતના રાજ્યપાલને એવી ખાતરી થઈ છે કે ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ વધુ સુધારવા માટે તાત્કાલિક પગલું લેવાનું તેમને માટે જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે; **સન ૧૯૪૭નો મુંબઈનો ૬૨-મો.**

અને ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ની ખંડ (૧)ના પરંતુક હેઠળ રાષ્ટ્રપતિની સૂચના મેળવી છે;

તેથી, હવે, ભારતના સંવિધાનના અનુચ્છેદ ૨૧૩ના ખંડ (૧)થી તેમને મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, નીચેનો વટહુકમ કરીને પ્રસિદ્ધ કરે છેઃ-

**૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.**- (૧) આ વટહુકમ ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો (સુધારા) વટહુકમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે તરત જ અમલમાં આવશે.

૨. **સન ૧૯૪૭નો મુંબઈનો ૬૨મો અધિનિયમ હંગામી રીતે સુધારવા બાબત.**- આ વટહુકમના અમલની મુદત દરમિયાન, ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), કલમો ૩ અને ૪માં નિર્દિષ્ટ કરેલા સુધારાને અધીન રહીને અમલમાં રહેશે. **સન ૧૯૪૭નો મુંબઈનો ૬૨-મો.**

૩. **સન ૧૯૪૭ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ ૫નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૫માં, પેટા-કલમ (૩) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

> "(૪)કલમ ૪ અથવા પૂર્વવર્તી પેટા-કલમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર વખતોવખત, રાજપત્રમાં જાહેરનામાથી, કોઇ સ્થાનિક વિસ્તારમાં જમીનના કોઇપણ વર્ગ માટે માનક વિસ્તાર (Standard Area) જાહેર કરી શકશે.".

૪. **સન ૧૯૪૭ના મુંબઈના ૬૨મા અધિનિયમની કલમ ૯નો સુધારો.**- મુખ્ય અધિનિયમમાં, કલમ ૯માં, પેટા-કલમ (૩) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવી:-

> "(૪)આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, તારીખ ૨૯મી જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ અથવા તે પછી પરંતુ તારીખ ૩૧મી માર્ચ, ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં આ અધિનિયમની જોગવાઇઓ વિરૂદ્ધ કરેલી જમીનની કોઇ તબદીલી અથવા વિભાજન, તે માટેના કોઇપણ દંડ અથવા પ્રિમિયમ વસૂલ્યા વિના નિયમિત કરી હોવાનું ગણાશે અને ઉપર્યુક્ત તબદીલી અથવા વિભાજનના સંબંધમાં કોઇપણ અધિકારી અથવા સત્તામંડળ સમક્ષની અનિર્ણીત (પડતર) રહેલી તમામ કાર્યવાહીઓ રદ થશે.".

## નિવેદન

ખેતીની કાર્યક્ષમતાનું રક્ષણ કરવા અને ખેતીની જમીનનું વ્યવસ્થિત સંચાલન સુનિશ્ચિત કરવાના હેતુથી ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવાની જોગવાઈ કરવાના ઉદ્દેશથી, ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૭નો મુંબઈનો ૬૨મો) (જેનો આમાં હવે પછી, "અધિનિયમ" તરીકે ઉલ્લેખ કરેલો છે તે) અધિનિયમિત કરવામાં આવ્યો હતો.

આ અધિનિયમ સાત દાયકા કરતાં વધુ સમયથી અમલમાં છે. આ સમયગાળા દરમિયાન, રાજ્યની સામાજિક-આર્થિક પરિસ્થિતિઓમાં, જમીનના ઉપયોગની પદ્ધતિઓ અને ખેતીના વ્યવસાયોમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. આ વિકાસને ધ્યાનમાં લેતાં, તેના ઉદ્દેશો વર્તમાન સમયની જરૂરિયાતો સાથે સુસંગત રીતે સિદ્ધ થાય તે સુનિશ્ચિત કરવા અધિનિયમની અમુક જોગવાઈઓની સમીક્ષા જરૂરી બની છે.

શહેરી અને મ્યુનિસિપલ (નગરપાલિકા) વિસ્તારોના વિસ્તરણથી, આવા વિસ્તારો અને તેમની આસપાસમાં આવેલી ખેતીની જમીનોને, આવી જમીનોને બિન-ખેતીના ઉપયોગ માટે લાયક અને વધુ યોગ્ય બનાવવા માટે, વિકાસ યોજનાઓ હેઠળ રહેણાક, વાણિજ્યિક અને ઔદ્યોગિક ઝોનમાં સમાવવામાં આવી છે. તેમ છતાં, અધિનિયમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને આવી જમીનોની તબદીલીઓ અને વિભાજનોને કારણે જમીનના ટુકડા થયા છે. વૈધાનિક નિયંત્રણો અથવા હકપત્રકના પુરાવામાં દર્શાવેલા આવા વ્યવહારોને કારણે, સંબંધિત સમયે, અધિનિયમની જોગવાઈના ઉલ્લંઘન થવાને કારણે કબજેદારો બિન-ખેતી ઉપયોગ શરૂ કરવા માટેની જરૂરી પરવાનગીઓ મેળવી શકતા નથી.

સદરહુ સમસ્યાનો ઉકેલ લાવવાના હેતુથી, વર્તમાન સામાજિક-આર્થિક અને જમીનના ઉપયોગની વાસ્તવિકતાઓને પહોંચી વળવા અને રાજ્યની વિકાસલક્ષી જરૂરિયાતો સાથે ખેતીના હિતોનું સંતુલન જાળવવા માટે આ અધિનિયમની કલમો ૫ અને ૯ સુધારવાનું જરૂરી જણાયું છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૪૭ સુધારવા, ગુજરાતનો ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા અને તેનું એકત્રીકરણ કરવા બાબતનો (સુધારા) વટહુકમ, ૨૦૨૬ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગાંધીનગર. **આચાર્ય દેવવ્રત,**

તારીખ ૧૦મી જુલાઇ, ૨૦૨૬. ગુજરાતના

રાજ્યપાલશ્રી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**ડૉ. જયંતિ એસ. રવિ,**

સરકારના અધિક મુખ્ય સચિવ.

----------

Government Central Press, Gandhinagar.